કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે મૃત્યુ પામેલ આંગણવાડી કાર્યકર/ તેડાગરના આશ્રિતને રૂ.૨૫ લાખની સહાય મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/0833/B1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

1. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
2. સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦/૨૫૦/ક.
3. મહેસુલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/ સી.એમ.ફંડ.

પ્રસ્તાવના:

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમ્યાન સંક્રમિત થયેલ કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને ૨૫ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી ઉક્ત સહાય મંજૂર કરવાની સત્તા વહીવટી વિભાગના વડાને નિયત ચેકલીસ્ટને આધીન સોંપવામાં આવેલ છે. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણને કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ લાખની સહાય માન.મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ચુકવવાનું ઠરાવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરની મળેલ દરખાસ્ત અન્વયે પાટણ જિલ્લા પંચાયત આઇસીડીએસ, સરસ્વતી ઘટક, ખોડાણા સેજા, વદાણી (લક્ષ્મીપુરા)માં આંગણવાડી કેન્દ્રમાં આંગણવાડી તેડાગર તરીકે આવશ્યક સેવાઓના ભાગરૂપે ફરજ બજાવતા સ્વ. સઇદાબેન અહમદભાઇ ફકીરનું કોરોના વાયરસના સંક્રમણના કારણે તા.૨૭/૦૪/૨૦૨૧ના રોજ દુ:ખદ અવસાન થયેલ હોવાથી તેઓના આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

//હુકમ//

૨/- રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ (COVID-19)નાં સંક્રમણને કારણે ઉત્પન્ન થયેલ સંજોગોમાં આવશ્યક સેવાઓના ભાગરૂપે બજાવેલ ફરજો દરમિયાન સંક્રમિત થયેલ સ્વ. સઇદાબેન અહમદભાઇ ફકીર, આંગણવાડી તેડાગરનાં દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓનાં આશ્રિત કુટુંબને રૂ. ૨૫ (પચ્ચીસ) લાખ રૂપિયાની સહાય ચુકવવાની આથી અનુમતિ આપવામાં આવે છે.

૩/- સ્વ. સઇદાબેન અહમદભાઇ ફકીરનાં આશ્રિત/વારસદારનું નામ/સંબંધ વિગેરે વિગતો નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| (૧) | અવસાન પામેલ આંગણવાડી કાર્યકર/તેડાગરનું નામ | : | સ્વ. સઇદાબેન અહમદભાઇ ફકીર |
| (૨) | હોદ્દો | : | આંગણવાડી તેડાગર |
| (૩) | કર્મચારીનું અવસાન થયા તારીખ | : | ૨૭/૦૪/૨૦૨૧ |
| (૪) | અવસાન પામનારનું સરનામુ | : | રહે.૦૦,બધરાવાસની પાછળ, વદાણી, લક્ષ્મીપુરા, જિ. પાટણ |
| (૫) | અવસાન પામનારના આશ્રિત/વારસદારનું નામ/સંબંધ | : | નિઝામમુદ્દીન અહમદશા ફકીર<br>સંબંધ: પુત્ર |
| (૬) | મૃતકના વારસદારના બેંક ખાતાની વિગત | : | બેંક ઓફ બરોડા<br>ખાતા નં.: ૬૬૮૭૦૧૦૦૦૦૨૪૬૪<br>બ્રાન્ચ નામ:વદાણી, પાટણ<br>ISFC- BARBOVJVDAN<br>MICR COD: 384012542 |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળવિકાસ વિભાગ

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.04.03 13:50:57 +05:30

File No: WCDD/AMR/e-file/23/2022/0833/B1 Branch
Approved By: Under Secretary,B1 Branch,WCDD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

પ્રતિ,

1. માન.મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. સેકશન અધિકારીશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (બે નકલ) આગળની જરૂરી કાર્યવાહી સારૂ.
6. સ્વ. સઇદાબેન અહમદભાઈ ફકીરનાં આશ્રિત કુટુંબને જાણ અર્થે (પ્રોગ્રામ અધિકારીશ્રી, આઇ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત પાટણ મારફત)
7. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.
8. શાખા સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.04.03 13:50:57 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign